સામયિક મૂલ્યાંકન કસોટી

| | | |
|---|---|---|
| **ધોરણ - 8** | સામાજિક વિજ્ઞાન | **ઓગષ્ટ, 2020** |
| **સમય - 1 કલાક** | | **કુલ ગુણ -25** |

અ. નિ. - અધ્યયન નિષ્પત્તિ - Learning Outcome

અ.નિ. ભારતમાં યુરોપિયન પ્રજાનાં આગમનથી પડેલી દૂરગામી અસરો જણાવી શકશે.

**પ્રશ્ન :1 પ્લાસી અને બકસરના યુદ્ધને પરિણામે અંગ્રેજો ભારતમાં શાસન સ્થાપવામાં સફળ રહ્યા. - સમજાવો.** **(5)**

અ.નિ. પૃથ્વી પર આવેલ વિવિધ આવરણો અને તેની માનવ જીવન પર થતી અસરો જણાવી શકશે.

**પ્રશ્ન– 2 માંગ્યા પ્રમાણે ઉત્તર આપો.**

1. જલાવરણ દૂષિત થવાથી આપણા જીવનને શું નુકસાન થાય છે? **(2)**
2. નક્શાને આધારે જવાબ આપો.



- આપેલ દુનિયાના નક્શામાં ત્રિકોણ▲ની નિશાની કયું આવરણ દર્શાવે છે ? **(1)**
- આપેલ દુનિયાના નક્શામાં વર્તુળ ● ની નિશાની કયું આવરણ દર્શાવે છે ? **(1)**

3. વાતાવરણમાં આવેલ નાઇટ્રોજન વાયુ ઓક્સિજન વાયુ પર શી અસર કરે છે ? ટૂંકમાં જણાવો. **(1)**

અ.નિ. પૃથ્વીનાં આવરણો વિષયક માહિતી જાણી તેની જાળવણી માટેના ઉપાયો બતાવી શકશે.

**પ્રશ્ન–3 (અ) યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** **(2)**

1. અણુ પરીક્ષણોથી .................... ને નુકસાન થાય છે. (જલાવરણ, મૃદાવરણ, ભાવાવરણ)
2. ...........................ને કારણે વાતાવરણને નુકસાન થાય છે. (ગરમી, વાહનો, વરસાદ)

**પ્રશ્ન–3 (બ) નીચે આપેલ આવરણની જાળવણી માટેના બે-બે ઉપાયો જણાવો.**

1. વાતાવરણ 2. મૃદાવરણ 3. જલાવરણ **(3)**

અ.નિ. ભારતનાં બંધારણની વિશેષતાઓ જેવી કે, ધર્મ નિરપેક્ષતા, પ્રજાસત્તાક, સંઘરાજ્યો અને મૂળભૂત અધિકારોનું વર્ણન કરી શકશે.

**પ્રશ્ન:4 નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર એક વાક્યમાં આપો**

1. ભારતીય બંધારણની મુખ્ય વિશેષતાઓ કઇ કઇ છે ? **(1)**
2. કેન્દ્ર સરકારનાં મુખ્ય અંગો અને તેનું એક-એક કાર્ય જણાવો. **(2)**
3. તમારી અત્યારની ઉંમર જણાવો, તમે કેટલાં વર્ષ પછી ચૂંટણીમાં મત આપી શકશો ? **(1)**
4. ‘ભારતના દરેક નાગરિકને પોતપોતાનો ધર્મ પાળવાની સ્વતંત્રતા છે.’ – આ વિધાન બંધારણની કઈ વિશેષતા દર્શાવે છે? **(1)**

અ.નિ. વિદેશી પ્રજાએ ભારતમાં સામ્રાજ્ય સ્થાપવા ભારતીય શાસકોની નબળાઇઓનો કેવી રીતે ઉપયોગ કર્યો તે વર્ણવી શકશે.

**પ્રશ્ન: 5 યોગ્ય જોડકાં જોડો.** **(5)**

| (અ) | (બ) |
|---|---|
| 1. બંગાળ | 1. પ્રથમ ત્રણ યુનિવર્સિટી પૈકી એક |
| 2. મરાઠા રાજ્યો | 2. મીરજાફરને નવાબ બનાવવાની લાલચ |
| 3. પંજાબ | 3. ખાલસાનીતિ |
| 4. ઝાંસી | 4. ભેદભાવની નીતિ |
| 5. મુંબઈ | 5. સહાયકારી યોજના |